**સેશન્સ કેસ નં.૯૭/૨૦૧૯**

**GJVD010030932019**

સત્યમેવ જયતે

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૪/૦૪/૨૦૧૯ | | |
| રજીસ્ટરે લીધા તારીખ | ૦૪/૦૪/૨૦૧૯ | | |
| ફેંસલ તારીખ | ૦૬/૦૩/૨૦૨૫ | | |
| સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | |

**મે. વડોદરાના પાંચમાં એડીશનલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ**
**( શ્રી એમ.એમ.સૈયદ) સાહેબશ્રીની કોર્ટમાં, વડોદરા**

**સેસન્સ કેસ નં.૯૭/૨૦૧૯**
**આંક – ૩૭**

**ફરિયાદી : શ્રી સરકાર.**

**વિ રૂ ધ્ધ**

**આરોપી : અતુલભાઈ કાળુભાઈ ચુનારા,**
રહે. ઈન્દીરાનગર, સાકરદાગામ,
તા.જી. વડોદરા.

**ગુનો :– ઈન્ડીયન પીનલ કોડની કલમ– ૩૭૬(૨)(એન),૩૪૨,૩૪૪, ૫૦૬(૨) મુજબ.**

ફરિયાદી તરફે વિ.વ.શ્રી : એન.યુ.મકવાણા
આરોપી તરફે વિ.વ.શ્રી : વી.આર.તડવી

## **: : જ જ મે ન્ટ : :**

(૧) સદર કામે ફોજદારી કેસ નં. ૪૨૮૪૯/૨૦૧૮ વાળો કેસ વડોદરાના જ્યુડી. મેજી. ફ.ક.શ્રી (ત્રીજી કોર્ટ ), વડોદરાનાઓની કોર્ટમાંથી તા. ૧૦/૦૧/૨૦૧૯ ના રોજ સદર કેસ અત્રેની કોર્ટમાં કમીટ કરવામાં આવેલ જે સેસન્સ કેસ નં.૯૭/૨૦૧૯, તા.૦૪/૦૪/૨૦૧૯ ના રોજ સેશન્સ કેસ નંબર પાડવામાં આવેલ.

(૨) **સદર કામે ફરિયાદપક્ષનાં કેસની હકીકત એવી છે કે,** આ કામના ફરિયાદી નાઓ તા. ૨૭–૦૮–૨૦૧૮ ના રોજ તેમના ભાઈની પત્ની સોનલને બોલાવવા માટે સાંકરદા ગામ, ઈન્દીરાનગર ખાતે આરોપીના ઘરે આવેલ તેની જાણ થતાં ફરિયાદ કયાંક જતા રહેલા તેથી તે દિવસે રાતના ફરિયાદીએ આરોપીના ઘરે રોકાણ કરેલ અને રાત્રીના સમયે આરોપીએ પાણી આપો તેમ જણાવી અને ફરિયાદીને તેમના રૂમમાં બળજબરીથી પકડી રાખી તેણીની મરજી વિરુધ્ધ તેઓની સાથે સંભોગ કરેલો અને આરોપીએ ફરિયાદીના બંને હાથે તથા પગે પકડી સાડી વડે બાંધી દઈ બળજબરીથી તા. ૨૭–૦૮–૨૦૧૮ થી તા. ૧૨–૦૯–૨૦૧૮ સુધી રૂમમાં પુરી રાખેલ અને ધમકી આપેલ કે " તુ બુમો પાડીશ તો તને જાનથી મારી નાંખીશ તેવી ધમકી આપેલી." અને આ રીતે આરોપીએ ફરિયાદીને દરરોજ રાત્રીના સમયે તેઓની મરજી વગર વીસથી પચ્ચીસ વખત બળજબરીથી સંભોગ કરી, ઈન્ડીયન પીનલ કોડની કલમ– ૩૭૬(૨)(એન), ૩૪૨, ૩૪૪, ૫૦૬(૨) મુજબનો ગુનો આચરેલ હોય, જે ફરિયાદને નંદેસરી પોલીસ સ્ટેશનમાં ફર્સ્ટ ગુ.ર.નં. ૪૯/૨૦૧૮ થી ઈન્ડીયન પીનલ કોડની કલમ– ૩૭૬(૨)(એન), ૩૪૨, ૩૪૪, ૫૦૬(૨) મુજબ આરોપી વિરુધ્ધ ગુનો નોંધાયેલ છે.

(૩) આ કામે ફરિયાદ નોંધ્યા બાદ તપાસ કરનાર અમલદારે આ ગુના સબબ તપાસ શરુ કરેલી અને લાગતા વળગતા સાહેદોનાં નિવેદનો નોંધેલ. આરોપી મળી આવતા આરોપીની અટક કરેલ તેમજ આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો મળી

આવતાં નામદાર કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવેલું.

(૪) આ કામે આરોપી ઉપર પ્રોસેસની બજવણી થતાં આરોપી કોર્ટમાં હાજર થયેલા જેથી આરોપીને ક્રી.પ્રો.કોડની કલમ- ૨૦૮ ની જોગવાઈઓ મુજબ વિનામુલ્યે પોલીસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલી અને આરોપી સામે સદર ગુનાનું તહોમતનામું આંક-૦૩ થી અમારા પુરોગામી વિ. ન્યાયાધીશશ્રી દ્વારા ફરમાવવામાં આવેલુ અને આંક-૦૪ થી આરોપીની પ્લી નોંધવામાં આવતા તેમાં આરોપીએ ગુનો કર્યાનો ઈનકાર કરેલો જેથી કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલી અને ફરિયાદપક્ષે પુરાવો નોંધવામાં આવેલો.

(૫) ફરિયાદપક્ષ તરફે પોતાના કેસનાં સમર્થનમાં નીચે મુજબનાં મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

**–: : મૌખિક પુરાવાઓ : : –**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | પંચ સાહેદ રાજેન્દ્રસિંહ પ્રભાતસિંહ ગોહીલની જુબાની | ૧૨ |
| ૨. | પંચ સાહેદ દિનેશભાઈ હરમાનભાઈ પરમારની જુબાની | ૧૪ |
| ૩. | પંચ સાહેદ સિધ્ધાર્થ કુલચંદ સકશેનાની જુબાની | ૧૬ |
| ૪. | ફરિયાદીની જુબાની | ૨૧ |
| ૫. | સાહેદ ડો. ગરીમા રજત ગાંધીની જુબાની | ૨૫ |
| ૬. | પોલીસ સાહેદ પી.એસ.ઓ. ચંદનસિંહ માનસિંહ બારીયાની જુબાની | ૨૭ |
| ૭. | પોલીસ સાહેદ ત.ક.અ. દીપ્તેશ લાલસીંગ વસાવાની જુબાની | ૨૯ |

(૬) આ કામે ફરિયાદપક્ષ તરફથી મૌખિક પુરાવા ઉપરાંત નીચે મુજબનાં દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

**<u>–: : દસ્તાવેજી પુરાવાઓ : : –</u>**

| <u>ક્રમ</u> | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૧૩ |
| ૨. | ફરિયાદીના કપડા કબ્જે કર્યાનું પંચનામું | ૧૫ |
| ૩. | કલમ–૨૭ મુજબનું પંચનામું | ૧૭ |
| ૪. | આરોપીના કપડા અંગેના મુદ્દામાલનું પંચનામું | ૧૮ |
| ૫. | ફરિયાદ | ૨૨ |
| ૬. | ફરિયાદીનું સારવાર સર્ટીફીકેટ | ૨૬ |
| ૭. | સ્ટેશન ડાયરીના ઉતારાની ખરી નકલ | ૨૮ |
| ૮. | ભોગબનનારની શારીરીક તપાસણીની યાદી | ૩૦ |
| ૯. | મુદ્દામાલ અંગેની રવાનગી નોંધ | ૩૧ |
| ૧૦. | મુદ્દામાલ એફએસએલમાં મળ્યા અંગેની પહોંચ | ૩૨ |
| ૧૧. | કલમનો ઉમેરો કરવાની યાદી | ૩૩ |
| ૧૨. | એફએસએલ રાવપુરાનો અહેવાલ | ૩૪ |

(૭) ફરિયાદપક્ષ તરફે ઉપર મુજબનો પુરાવો રજુ થયા બાદ વિધ્વાન સરકારી વકીલશ્રીએ વધુ કોઈ પુરાવો આપવો નથી તેવું આંક–૩૫ ની પુરશીસથી જાહેર કરેલ છે. ત્યારબાદ સદર કામે ક્રી.પ્રો.કોડની કલમ– ૩૧૩ ની જોગવાઈઓ અનુસાર આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે તેમાં તેઓએ જણાવેલ છે કે, “અમો આરોપી તદ્દન નિર્દોષ છીએ. અમોને ખોટા કેસમાં સંડોવી દેવામાં આવેલા છે. અમોએ કહેવાતો કોઈ ગુનો કરેલો નથી. જેથી અમોને નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ કરવા મે. કરશોજી. ”

(૮). **એ.પી.પી.શ્રીની દલીલ :–**

(૮.૧) એ.પી.પી.શ્રીએ મૌખિક દલીલો કરેલ છે કે, ફરિયાદપક્ષે તપાસવામાં આવેલા ફરિયાદી ભોગબનનાર પુરાવાથી ફરિયાદપક્ષના કેસને અને ફરિયાદ હકીકતોને સમર્થન મળેલ છે અને સદર સાહેદની આરોપી તરફે જે ઉલટતપાસ હાથ ધરવામાં આવેલ છે તેમાં તેનાથી વિરુદ્ધની કોઈપણ હકીકતો રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી જેથી ફરિયાદીના પુરાવાથી ફરિયાદપક્ષના કેસને સમર્થન મળેલ છે અને ફરિયાદીના પુરાવાથી આરોપીએ

તેણીની મરજી વિરુધ્ધ તેમની સાથે બળજબરીથી શરીર સંબંધ બાંધેલ હોવાની હકીકત સાબિત થાય છે.

(૮.૨) વધુમાં, દલીલ કરેલ છે કે, ફરિયાદપક્ષે તપાસવામાં આવેલા ગાયનેકોલોજીસ્ટ ડો. ગરીમા રજત ગાંધી કે જેઓએ ફરિયાદીની ગાયનેક તપાસ કરેલ છે તેમના સમક્ષ ફરિયાદીએ બનાવ સંદર્ભે જે હીસ્ટ્રી જણાવી તે તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે અને સદર ગાયનેકોલોજીસ્ટના પુરાવાથી પણ ફરિયાદપક્ષના કેસને અને ફરિયાદ હકીકતોને સમર્થન મળેલ છે અને સદર સાહેદોની આરોપી તરફે જે ઉલટતપાસ હાથ ધરવામાં આવેલ છે તેમાં તેનાથી વિરુદ્ધની કોઈપણ હકીકતો રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી જેથી મેડીકલ એવીડન્સથી પણ ફરિયાદપક્ષના કેસને સમર્થન મળેલ છે.

(૮.૩) વધુમાં તેઓએ દલીલ કરેલ છે કે, તપાસ એજન્સીએ તટસ્થ રીતે તપાસ કરી છે તે હકીકત પણ સાબિત થાય છે અને આ રીતે ફરિયાદપક્ષે રજુ થયેલ તમામ મૌખીક અને દસ્તાવેજી પુરાવાથી ફરિયાદમાં આરોપી સામે આક્ષેપાયેલ ગુનાના આવશ્યક તત્વો મુજબનો કેસ નિઃશંકપણે પુરવાર કરેલ હોય જેથી આરોપીને કાયદામાં ઠરાવ્યા મુજબની મહત્તમ સજા કરવા માટેની રજુઆત કરેલી છે.

## (૯) આરોપી તરફે દલીલો :–

(૯.૧) આરોપી તરફે વિધ્વાન વકીલશ્રીએ દલીલ કરેલ છે કે, આ કામે ફરિયાદપક્ષે તપાસવામાં આવેલા ફરિયાદી એટલે કે ભોગબનનારના પુરાવાથી આ કામના આરોપીએ ભોગબનનારની સાથે શારીરીક સંબંધ બાંધેલ હોય તેવી હકીકતને લેશમાત્ર સમર્થન મળેલ નથી જેથી ફરિયાદીના પુરાવાથી ફરિયાદપક્ષ ફરિયાદની હકીકતો પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે.

(૯.૨) તેઓએ વધુમાં દલીલ કરેલ છે કે, આ કામે તપાસવામાં આવેલા ગાયનેકોલોજીસ્ટ સમક્ષ ભોગબનનારે બનાવ સંદર્ભે જે હીસ્ટ્રી આપી તેમાં આરોપીએ ફરિયાદીની સાથે તેઓની મરજી વિરુધ્ધ શારીરીક સંબંધ બાંધેલાનું અને જો ભોગબનનાર શારીરીક સંબંધ બાંધવાની ના પાડશે તો તેમના ભાઈને મારી નાંખવાની ધમકી આપેલાનું જણાવેલ છે પરંતુ ફરિયાદીએ તેમના સોગંદ પરના પુરાવામાં આવી કોઈ હકીકત જણાવેલ નથી. જેથી ફરિયાદીએ ગાયનોકોલોજીસ્ટ સમક્ષ બનાવ સંદર્ભેની જે હીસ્ટ્રી આપી તે તેઓના મૌખીક પુરાવાથી તદ્દન વિરોધાભાસી છે જેથી મેડીકલ એવીડન્સથી પણ ફરિયાદપક્ષના

કેસને લેશમાત્ર સમર્થ પ્રાપ્ત થતુ નથી.

(૯.૩) વધુમાં તેઓએ દલીલ કરેલ છે કે, આ કામે ફરિયાદપક્ષે તપાસવામાં આવેલા તપાસ અધિકારીએ તેમના પુરાવામાં તેઓએ સદર ગુન્હાના કામે કરેલ કામગીરી પુરતો રૂટીન પુરાવો આપેલ છે. આમ, ફરિયાદપક્ષે રજુ થયેલ સમગ્ર મૌખીક તથા દસ્તાવેજી પુરાવાથી ફરિયાદપક્ષ ફરિયાદમાં આરોપી સામે આક્ષેપાયેલ ગુન્હાના આવશ્યક તત્વો નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલા છે જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા માટેની રજુઆત કરેલ છે.

(૧૦) આ કામે ફરિયાદપક્ષે વિ. એપીપીશ્રી દ્વારા કરવામાં આવેલ મૌખીક દલીલો, રજુ થયેલ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનાં મુદાઓનાં નિર્ણય કરવાનાં રહે છે.

**<u>- : : મુદ્દા ઓ : : -</u>**

(૧) શું ફરિયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના ફરિયાદી નાઓ તા. ૨૭-૦૮-૨૦૧૮ ના રોજ તેમના ભાઈની પત્ની સોનલને બોલાવવા માટે સાંકરદા ગામ, ઈન્દીરાનગર ખાતે આરોપીના ઘરે આવેલ તેની જાણ થતાં ફરિયાદ કયાંક જતા રહેલા તેથી તે દિવસે રાતના ફરિયાદીએ આરોપીના ઘરે રોકાણ કરેલ અને રાત્રીના સમયે આરોપીએ પાણી આપો તેમ જણાવી અને ફરિયાદીને તેમના રૂમમાં બળજબરીથી પકડી રાખી તેણીની મરજી વિરુધ્ધ તેઓની સાથે સંભોગ કરેલો અને આરોપીએ ફરિયાદીના બંને હાથે તથા પગે પકડી સાડી વડે બાંધી દઈ બળજબરીથી તા. ૨૭-૦૮-૨૦૧૮ થી તા. ૧૨-૦૯-૨૦૧૮ સુધી રૂમમાં પુરી રાખેલ અને ધમકી આપેલ કે " તુ બુમો પાડીશ તો તને જાનથી મારી નાંખીશ તેવી ધમકી આપેલી." અને આ રીતે આરોપીએ ફરિયાદીને દરરોજ રાત્રીના સમયે તેઓની મરજી વગર વીસથી પચ્ચીસ વખત બળજબરીથી સંભોગ કરી, ઇન્ડીયન પીનલ કોડની

કલમ- ૩૭૬(૨)(એન), ૩૪૨, ૩૪૪, ૫૦૬(૨) મુજબનો શિક્ષાપાત્ર ગુનો આચરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૧૧) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.**

**(૧) નકારમાં.**

**(૨) આખરી હુકમ મુજબ.**

## – : : કા ર ણો : : –

**(૧૨) સી.આર.પી.સી.ની કલમ–૩૫૪(૧)(બી) મુજબ :–** ભારતીય ક્રિમીનલ જસ્ટીસ સીસ્ટમ તથા ક્રિમીનલ જયુરીસપુડન્સ મુજબ ફરિયાદપક્ષે તેનો કેસ વાજબી શકથી પર સાબિત કરવાનો રહે છે. વધુમાં, ફરિયાદપક્ષે તેનો કેસ સીધા પુરાવાથી કે સાંયોગીક પુરાવાથી સાબિત કરવાનો રહે છે.

**(૧૩)** હવે, હાલનાં કામમાં ફરિયાદપક્ષનો મુખ્યત્વે કેસ જોઇએ તો પ્રોસીક્યુશન આવી સ્ટોરી અને હકીકત લઇને આવેલ છે અને ફરિયાદ દાખલ કરી તેમાં જણાવેલ છે કે, '' રૂબરૂમાં આવી જાહેર કરી મારી ફરિયાદ હકીકત લખાવુ છુ કે, હુ ઉપરના બતાવેલા સરનામે મારા પતિ સાથે રહુ છુ અને ઘરકામ કરી મારૂ જીવન ગુજરાત ચલાવુ છુ મારા પતિ અમારા ગામમાં મચ્છી વેચવાનો વેપાર ધંધો કરે છે મારે વસ્તારમાં એક દિકરો નામે મેહુલ ઉ.વ. ૧૦ નો છે તથા દિકરી ........ની ઉ.વ. ૫ ની છે. મારૂ પિયર નટવરનગર ગા, તા. સાવલી, જી. વડોદરા ખાતે આવેલ છે.

ગઈ તા. ૨૭–૦૮–૨૦૧૮ ના રોજ હુ મારા પિયરથી મારા ભાઈની પત્ની સોનલબેન ને બોલાવવા માટે મને સાકરદા ગામ ઈંદીરાનગર ખાતે રહેતા અતુલભાઈ કાળુભાઈ ચુનારા (વાઘરી)ના ઘરે સાંજના પાંચેક વાગ્યાના સમયે

આવેલ અને તે વખતે મારા ભાઈની પત્ની સોનલ મે તેઓને બોલાવવા માટે આવેલ હોવાનું જાણ કરતા તે જગ્યાએથી સોનલ મારી જાણ બહાર કોઈ જગ્યાએ જતી રહેલ અને તે દિવસ રાતના રોકાણ મે અતુલભાઈ ચુનારાના ઘરે કરેલ અને રાત્રીના અતુલભાઈ ચુનારા નાએ મને પાણી આપો તેમ જણાવી મને તેના બીજા રૂમમાં બોલાવેલ અને અતુલભાઈ ચુનારાએ મને તેના રૂમમાં બળજબરીથી પકડી પાડી મારી મરજી વિરુધ્ધ મારી સાથે સંભોગ કરેલ અને અતુલભાઈ ચુનારાએ મને તેના રૂમમાં રાખી મને બંને હાથે તથા પગે સાડી વડે બાંધી દઈ મને બળજબરીથી રૂમમાં પુરી રાખેલ અને મને ધમકી આપેલ કે તુ બુમો પાડીશ તો તને જાનથી મારી નાંખીશઆ અતુલભાઈ ચુનારા મારી સાથે દરરોજ રાત્રીના મારી મરજી વગર મારી સાથે વીસથી પચ્ચીસ વખત બળજબરીથી સંભોગ કરેલ અને તા. ૧૨–૦૯–૨૦૧૮ ના રોજ રાત્રીના અતુલભાઈ ચુનારા નાઓ દારૂ જેવો નશો કરેલ હાલતમાં આવેલ હોય તે સમય દરમ્યાન રાત્રીના અગિયાર વાગ્યાના સમયે લાગ જોઈ હુ સાકરદાગામ ઈંદિરાનગર થી રીક્ષામાં બેસી આણંદ જુના બસ સ્ટેન્ડ મારા મામા બાબરભાઈ બુધાભાઈ ચુનારા નાઓને ત્યાં જતી રહેલ અને મારી આપવીતી મે મારા મામાને જણાવેલ અને તેઓએ મારા પતિને ફોન કરી આણંદ ખાતે બોલાવી લીધેલ અને તેઓ મારી સાસરીમાં લઈ ગયેલ અને મે મારા પતિને મારી આપવીતી સંભળાવેલ અને આ અંગે મારા પતિ મેલાભાઈ નાઓએ મારી વાત સાચી છે કે કેમ તે અંગે ખરાઈ કરવા ગયેલ હોય અને મારી વાત સાચી લાગતા આ ફરિયાદ આજ કરવા માટે તેઓની સાથે ફરિયાદ કરવા અત્રે આવેલ છે.

જેથી અતુલભાઈ કાળાભાઈ ચુનારા, રહે. ઈંદિરાનગર, સાકરદાગામ, તા. જી. વડોદરા નાનો હુ મારા ભાઈની પત્નિને તેડવા માટે ગયેલ તે સમય દરમ્યાન તેઓના ઘરે મને રાત્રી રોકાણ કરાવી રાત્રીના મને પાણી આપો તેમ જણાવી તેના રૂમમાં બોલાવી મારી સાથે બળજબરીથી સંભોગ કરી તેના રૂમમા મને હાથે પગે બાંધી રાખી મને મારી નાંખવાની ધમકી આપી તા. ૨૭–૦૮–૨૦૧૮ ના રોજથી તા. ૧૨–૦૯–૨૦૧૮ ના રોજ સુધી રાત્રીના વીસ થી પચીસ વખત મારી સાથે મારી મરજી વિરુધ્ધ સંભોગ કરેલ હોય જેથી મારી તેના વિરુદ્ધમાં કાયદેસર ધોરણસર થવા ફરિયાદ છે. "

(૧૪) આ કામમાં આરોપી સામે આઇ.પી.સી.ની કલમ– ૩૭૨, ૩૭૪, ૨જુ

કરવી જરૂરી છે જે નીચે મુબજ છે,

**342. Punishment for wrongful confinement.**—
Whoever wrongfully confines any person shall be punished with imprisonment of either description for a term which may extend to one year, or with fine which may extend to one thousand rupees, or with both.

**344. Wrongful confinement for ten or more days.—**
Whoever wrongfully confines any person for ten days, or more, shall be punished with imprisonment of either description for a term which may extend to three years, and shall also be liable to fine.

(૧૫) આ કામમાં ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૫, ૫૦૬(૨) રજુ કરવી જરૂરી છે જે નીચે મુજબ છે.

(૧૫.૧) **" sec-375**

**375. Rape.—**
A man is said to commit "rape" if he— (a) penetrates his penis, to any extent, into the vagina, mouth, urethra or anus of a woman or makes her to do so with him or any other person; or (b) inserts, to any extent, any object or a part of the body, not being the penis, into the vagina, the urethra or anus of a woman or makes her to do so with him or any other person; or (c) manipulates any part of the body of a woman so as to cause penetration into the vagina, urethra, anus or any part of body of

such woman or makes her to do so with him or any other person; or (d) applies his mouth to the vagina, anus, urethra of a woman or makes her to do so with him or any other person, under the circumstances falling under any of the following seven descriptions:— First.—Against her will. Secondly.—Without her consent. Thirdly.—With her consent, when her consent has been obtained by putting her or any person in whom she is interested, in fear of death or of hurt. Fourthly.—With her consent, when the man knows that he is not her husband and that her consent is given because she believes that he is another man to whom she is or believes herself to be lawfully married. Fifthly.—With her consent when, at the time of giving such consent, by reason of unsoundness of mind or intoxication or the administration by him personally or through another of any stupefying or unwholesome substance, she is unable to understand the nature and consequences of that to which she gives consent."

(૧૫.૨) **" sec-506(2)**

**506. Punishment for criminal intimidation.—**

**If threat be to cause death or grievous hurt, etc.**—and if the threat be to cause death or grievous hurt, or to cause the destruction of any property by fire, or to cause an offence punishable with death or [imprisonment for life], or with imprisonment for a term which may extend to seven years, or to impute unchastity to a woman, shall be punished with imprisonment of either description for a term which may extend to seven years, or with fine, or with both.

**સદર કામમાં ફરિયાદપક્ષે નીચે મુજબનો પુરાવો રજુ થયેલો છે.**

**(૧૬)** ફરિયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે સાબિત કરવા માટે આંક–૧૨ થી પંચ સાહેદ રાજેન્દ્રસિંહ પ્રભાતસિંહ ગોહીલને તપાસેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, " હું ઉપરોકત બતાવેલ સરનામે રહું છું અને ખેત મજુરી કરી મારા કુટુંબનું ગુજરાન કરું છું. આજથી પાંચ છ વર્ષ પહેલાં હું નંદેસરી પો.સ્ટે.માં મારા ભાભી સાથે પોલીસ સ્ટેશન ગયેલો હોય જેથી પોલીસે મને એક લખેલા પં ચનામામાં સહી કરાવેલી, મેં એ પંચનામાં સહી કરી તે સીવાય હું કાંઈ જાણતો નથી. મને નિ.પ/ર વાળું પંચનામું બતાવવામાં આવે છે જેમાં પંચ નં.ર તરીકે મારી સહી છે જે ઓળખી બતાવું છું જેને આ કામે રજુ દાખલ **આંક–૧૩** આપવામાં આવે છે. એવું બનેલ નહી કે મારી હાજરીમાં ભોગબનનાર બહેને ગુનાવાળી જગ્યા બતાવેલી હોય અને તેનું પંચનામું મારી હાજરીમાં કરવામાં આવેલ હોય. "

**(૧૬.૧)** સદર પંચ સાહેદે તેઓના પુરાવામાં ફરિયાદપક્ષના કેસને સમર્થન કરેલુ નહી હોવાથી વિ. એપીપીશ્રી દ્વારા તેઓને ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલા છે.

**(૧૭)** ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૧૪ થી પંચ સાહેદ દિનેશભાઈ હરમાનભાઈ પરમારને તપાસેલા છે તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, " હું ઉપરોકત બતાવેલ સરનામે રહું છું અને ખેત મજુરી કરી મારા કુટુંબનું ગુજરાન કરું છું. આજથી પાંચ છ વર્ષ પહેલાં હું નંદેસરી પો.સ્ટે.માં મારા ભાભી સાથે પોલીસ સ્ટેશન ગયેલો હોય જેથી પોલીસે મને એક લખેલા પંચનામામાં સહી કરાવેલી, મેં એ પંચનામાં સહી કરી તે સીવાય હું કાંઈ જાણતો નથી. મને નિ.પ/ર વાળું પંચનામું બતાવવામાં આવે છે જેમાં પંચ નં.ર તરીકે મારી સહી છે જે ઓળખી બતાવું છું જેને આ કામે રજુ દાખલ **આંક–૧૩** આપવામાં આવે છે. એવું બનેલ નહી કે મારી હાજરીમાં ભોગબનનાર બહેને ગુનાવાળી જગ્યા બતાવેલી હોય અને તેનું પંચનામું મારી હાજરીમાં કરવામાં આવેલ હોય. "

**(૧૭.૧)** સદર પંચ સાહેદે તેઓના પુરાવામાં ફરિયાદપક્ષના કેસને સમર્થન કરેલુ નહી હોવાથી વિ. એપીપીશ્રી દ્ધારા તેઓને ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલા છે.

**(૧૮)** ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૧૬ થી પંચ સાહેદ સિધ્ધાર્થ કુલચંદ સકશેનાને તપાસેલા છે તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, " હુ ઉપરોકત બતાવેલ સરનામે રહુ છુ અને રીક્ષા ચલાવુ છુ. સને ૨૦૧૮મા માર ।મિત્ર ટીનાભાઈ સાથે હુ ભાડુ લઈને ગયેલો ત્યારે પોલીસે મારી એક લખેલા પંચનામામા સહી કરાવેલી તે સિવાય પંચનામાની કોઈ વિગત હુ જાણતો નથી મારી હાજરીમા કોઈ ફરીયાદી બેનના કપડા રજુ થયા હોય તેવુ બનેલુ નથી મને આંક ૧૫ વાળુ પંચનામુ બતાવામા આવે છે જેમા પંચ નં.૨ તરીકે મારી સહી છે જે હુ ઓળખુ છુ. મારી હાજરીમા કોઈ કપડા કબજે કરેલા ન હોય તેથી મને આવા કપડા બતાવામા આવે તો હુ તે ઔળખી શકુ નહી. "

**(૧૮.૧)** સદર પંચ સાહેદે તેઓના પુરાવામાં ફરિયાદપક્ષના કેસને સમર્થન કરેલુ નહી હોવાથી વિ. એપીપીશ્રી દ્ધારા તેઓને ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલા છે.

**(૧૯)** ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૨૧ થી ફરિયાદીને તપાસેલા છે તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, " હાલ હુ મારા પતિ અને બાળકો સાથે રહુ છુ બનાવના અરસામા હુ વરસોવા ગામ રહેતી હતી અને મારે સંતાનમા એક દિકરો ।ને એક દિકરી છે મારુ પીયર નટવરનગર, તા.સાવલી ખાતે આવેલ છે.બનાવ આસરે સાતેક વરસ પહેલા બનેલો બનાવના અરસામા મારે મારા પતિ સાથે ઘરકામ બાબતે અવાર નવાર ઝઘડો ચાલતો હતો અને જેના કારણે હુ બાબર બુધા કે જે મારા મામા થાય છે તેમને ત્યા નાવલી મુકામે જતી રહેલી જેથી મારા પતિએ મારી શોધખોળ કરેલી અને ત્યારબાદ આ બાતે પોલીસને જાણ કરેલી. અને મારા મામાને જાણ થતા તેઓ

મને પાછા મારા ઘરે મુકી ગયેલા તે સિવાય બનાવમા બીજુ કશુ બનેલુ નહી. મને નિ.૫/૧ વાળી ફરીયાદ બતાવામા આવે છે જેમા મારી સહી છે જે ઓળખુ છુ જે ફરીયાદ રજુ દાખલ **<u>આંક ૨૨</u>** આપવમા આવે છે. તેવુ બનેલ નહી કે આરોપીએ મારી સાથે મારી મરજી વિરુધા મને હાથે પગે બાંધી દિધેલ અને જાનથી મારી નાખવાની ધમકી આપી મ્રી મરજી વિરુધ્ધ શરીર સંબંધ બાંધેલો. "

**(૧૯.૧)** સદર ફરિયાદીએ તેઓના પુરાવામાં ફરિયાદપક્ષના કેસને સમર્થન કરેલુ નહી હોવાથી વિ. એપીપીશ્રી દ્વારા તેઓને ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલા છે.

**(૧૯.૨)** સદર સાહેદે તેઓની આરોપી પક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે**,** " તે વાત ખરી છે કે મારા પતિ સાથે ઝઘડો થતા મારા મામાના ઘરે જતી રહેલી. હુ અભણ છુ આરોપી મને કોઈ જગ્યાએ ભગાડી ગયેલ હોય અને મને ગોધી રાખેલ હોય તેવી કોઈ હકિકત મે પોલીસને જણાવેલ નથી. હુ અભણ છુ જેથી અમારા સમાજના લોકો મને પો.સ્ટે.લઈ ગયેલા અને પોલીસે કાગળ લખી માત્ર મારી સહી કરાવેલી. "

**(૨૦)** ત્યારબાદ ફરિયાદપક્ષે આંક-૨૫ થી સાહેદ ડો. ગરીમા રજત ગાંધીને તપાસેલા છે તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે**,** " .હાલ હુ આસી.પ્રોફેસર તરીકે ગાયનેક વિભાગમા ફરજ બજાવુ છુ. તા.૨૬/૯/૨૦૧૮ના રોજ હુ મારી ફરજ પર હાજર હતી તે દરમ્યાન વુમન એલઆરડી સીતાબેન બં.નં.૨૪૭૦ નંદેસરી પો.સ્ટે.નાઓ ભોગ બનનારને મારી સમક્ષ ગાયનેક તપાસણી માટે લઈને આવેલા. ભોગ બનાનરને તપાસતા પહેલા તેણીની જરુરી સંમતિ લેવામા આવેલ અને તેણીની સાથે તેની બહેન હાજર હતા તેના શરીર ઉપર જોતા તેના ગાલ ઉપર જમણી બાજુ તેમજ જમણી ગરદનના ભાગે તલનુ નીશાન જોવા મળેલુ તેણીના જણાવ્યા મુજબ તેણી ૧૩ વરસની ઉંમરે માસિક ધર્મમા બેસેલ અને છેલ્લા માસિકની તા.૨૧/૯/૨૦૧૮ ના રોજની જણાવેલી. ભોગ બનનારને બાનવ સંબંધે હીસ્ટ્રી

પુછતા તેણીના જણાવ્યા મુજબ તે આરોપી અતુલને પાંચ મહીનાથી ઓળખે છે આરોપી ભોગ બનનારના ભાઈનો સાળો છે, તા.૨૭/૮/૨૦૧૮ના રોજ ભોગ બનનાર તેની ભાભીને મળવા સાંકરદા ગઈ અને આરોપીએ ભોગ બનનારને તેની મરજી વિરુધ્ધ કેદ કરીને તેની સાથે તેની મરજી વિરુધ્ધ શરીર સંબંધ રાખ્યો તેના પછી આરોપીએ ભોગ બનનારને તેની મરજી વિરુધ્ધ કેદમા રાખેલ અને વારંવાર શારીરીક સંબંધ રાખેલ છેલ્લે તા.૧૧/૯/૨૦૧૮ના રોજ શારીરીક સંબંધ રાખેલ તા. ૧૨/૯/૨૦૧૮ના રોજ ભોગ બનનાર મોકો જોઈને સાંજે પાછી આવી ગયેલી.તેમજ ભોગ બનનારે વધુમા જણાવેલ કે તે શારીરીક સંબંધ માટે ના પાડશે તો તેના ભાઈને મારી નાખવાની ધમકી આપવામા આવેલી. ભોગ બનનારને તપાસતા તેણીના પલ્સ બીપી નોર્મલ હતા, તેણીના શરીર ઉપર જોતા કોઈ પણ બાહય કે આંતરીક ઈજાના નીશન જોવા મળેલ ન હતા,તેણીના પરાઈવેટ પાર્ટ ઉપર ઈન્ફેકન્સના નીશાન હતા, આ અંગે તેણીને ચામડીના સ્પેસ્યાલીસ્ટને બતાવામા આવેલ, અને તેણીને ચામડીના ડોકટરે આ અંગે મેડીશીયન આપેલી. મારા અભીપ્રાય મુજબ તેણીનુ યોની પટલ જુનુ તુટેલુ હતુ જેથી શારીરીક સંબંધ બંધાયાની શકયતા નકારી શકાય નહી. તેણીના શરીર ઉપર કોઈ પણ જતાના બળજબરીના નીશન મળી આવેલ ન હતા. આ અંગેનુ સારવાર કર્યાનુ સર્ટી મે આપેલ મને નિ.૫/૬ વાળુ સર્ટી બતાવામા આવે છે જેમા મ્રી સહી તથા મારા હોદ્દાનો સિકકો છે જે હુ ઓળખી બતાવુ છુ જેને રજુ દાખલ **<u>આંક ૨૬</u>** આપવામા આવે છે. "

**(૨૦.૧)** સદર સાહેદે તેઓની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, " તે વાત ખરી છે કે ભોગ બનનારને પોલીસ યાદી સાથે મારી સમક્ષ લાવેલા. તે વાત ખરી છે કે ભોગ બનનારની તપાસણી કરતા પહેલા મે પોલીસ યાદીને વાંચેલી. તે વાત ખરી નથી કે મે પોલીસ યાદી પ્રમાણે હીસ્ટ્રી લખેલી. તે વાત ખરી છે કે ભોગ બનનારના લગ્ન પહેલેથી થઈ ગયેલા હોવાથી તેનુ યોની પટલ તુટેલુ હોય. તે વાત ખરી નથી કે પોલીસ યાદી પ્રમાણે સર્ટી તૈયાર કરી આપેલ છે. "

**(૨૧)** ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૨૭ થી પોલીસ સાહેદ પી.એસ.ઓ. ચંદ્રસિંહ માનસિંહ બારીયાને તપાસેલા છે તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, " હાલ હુ ઉપરોકત બતાવેલ સરનામે રહુ છુ અન નિવૃત જીવન ગુજારુ છુ. સને ૨૦૧૮મા હુ નંદેસરી પો.સ્ટે.મા ફરજ બાજવતો હતો. તે દરમ્યાન તા.૨૫/૯/૧૮ના રોજ હુ મારી ફરજ પર હાજર હતો તે દરમ્યાન પો.ઇ.ઐ.કે.વડીયાનાઓ સમક્ષ ફરીયાદી સોનલબેન મેલાભાઇ ચુનારાનાઓ હાજર થઇ તેમની ફરીયાદ જાહેર કરતા તેઓએ તેમની ફરીયાદ લખી લઇ ગુનો રજીસ્ટર કરવા મને હુકમ કરતા મે સદર ગુની સ્ટે. ડા.ના નોધ કરેલી અને આગળની તપાસ પોસઇ ડી.એલ. વસાવાને સોપેલ. હુ આજરોજ મારી સાથે સ્ટે.ડા.ના ઉતારાની ખરી નકલ લાવેલ છુ જેમા અ.ન. ૯ ઉપર કલાક ૧૭–૪૫ વાગે સદર ગુનાની મે નોધ કરેલી જે સ્ટે.ડા.ના ઉતારાની નકલ રજુ કરુ છુ જેને રજુ દાખલ <u>આંક ૨૮</u> આપવામા આવે છે. "

**(૨૧.૧)** સદર પોલીસ સાહેદે તેઓની આરોપી પક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, " તે વાત ખરી છે કે મે સ્ટે.ડા.મા ગુનાની નોધ કર્યા સિવાય બીજી કોઇ કાર્યવાહી કરેલ નથી. "

**(૨૨)** ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૨૯ થી પોલીસ સાહેદ તપાસ અધિકારી દીપ્તેશ લાલસીંગ વસાવાને તપાસેલા છે તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, "હાલ હુ પોસઇ તરીકે પારડી પો.સ્ટે.મા ફરજ બાજવુ છુ સને ૨૦૧૮મા હુ નંદેસરી પો.સ્ટે.મા ફરજ બાજવતો હતો તે દરમ્યાન ફરીયાદી સોનલબેન મેલાભાઇ ચુનારા પો.ઇ.વડીયાના સમક્ષ તેમની ફરીયાદ જાહેર કરત તેઓએ તેમની ફ્રીયાદ લખી ગુનો રજીસ્ટર કરવા પીએસઓને હુકમ કરેલો અને પીએસઓએ ગુનો રજીસ્ટર કરી આગળની તપાસ મારા તરફ ડેપ્યુટ કરેલી અને મે તપાસ સંભાળી લીધેલ તપાસના કામે મે સાહેદ મેલાભાઇ બચુભાઇ ચુનારા, બચુભાઇ સોમાભાઇ ચુનારા, મંજુલાબેન બચુભાઇ ચુનારા, પીન્કીબેન વિજયભાઇ ચુનારા, લાખીબેન ભુપતભાઇ ચુનારા, વિગે

સાહેદોના નિવેદન લીધેલ તેમજ ગુનાવાળી જગ્યાની વીજીટ કરી ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરેલુ. તેમજ આરોપીને અટક કરી આરોપી ગુનાવાળી જગા બતાવા માગતો હોય બે પંચોને હાજર રાખી ગુાનવાળી જગ્યાનુ પંચનામુ કરેલુ તેમજ ભોગ બનનાર અને આરોપીના કપડા પંચનામાની વિગતે કબજે કરેલા. તેમજ આરોપી અને ભોગ બનનારને જરુરી યાદી સાથે મેડીકલ ચકાસણી માટે મોકલી તે અંગેના મેડીકલ સર્ટી મેળવેલા, તેમજ કબજે કરેલ તમામ મુદામાલ એફએસએલમા મોકલવા રવાનગી નોધ તૈયાર કરી એફએસએલની પહોચ મેળવેલ તેમજ એફએસએલ સર્ટી આવતા કામમા સામેલ રાખેલ આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતા ચાર્જશીટ દાખલ કરેલુ. અટક કરેલ આરોપીને ઔળખુ છુ જે આજરોજ કોર્ટમા હાજર છે તે જ છે."

**(૨૨.૧)** સદર સાહેદે તેઓની ત્યારબાદની આરોપી પક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, " તે વાત ખરી છે કે પીએસઓ દ્વારા તપાસ મને સોપત ામે તપાસ સંભાળેલી. ફરીયાદ મે વાંચેલી હતી. બનાવ બન્યો અને ફરીયાદ થઈ તે વચ્ચે ૧૨ –૧૩ દિવસનો અંતર હતો તે અંગે મે તપાસ કરેલી નથી. તે વાત ખરી છે કે ભોગ બનનાર ૧૭ દિવસથી મીસીંગ હતા તે બાબતની ફરીયાદ તેના ફેમેલી મેમ્બર દ્વારા આપેલ હોય તેની મે તપાસ કરેલ ન હતી. તે વાત ખરી નથી કે સાહેદોના નિવેદનો મે મારી જાતે ફરીયાદને અનુરુપ લખી લીધેલા છે. તે વાત ખરી નથી કે મે ગુનાવાળી જગ્યાની કોઈ વીજીટ કર્યા વગર પો.સ્ટે.મા બેસી પંચનામા તૈયાર કરી પાછળથી પંચેની સહીઓ કરાવેલી છે. તે વાત ખરી નથી કે આરોપી અને ભોગ બનનારના કપડા કબજે કર્યાના પંચનામા પણ મે પો.સ્ટે.મા જાતે તૈયાર કરી પાછળથી પંચોની સહીઔ કરાવેલી છે. તે વાત ખરી નથી કે આરોપી વિરુધ્ધ કોઈ પુરાવો ન હોવા છતા ખોટી ચાર્જશીટ કરેલી છે. "

**ફરિયાદપક્ષે રજુ થયેલ ઉપરોકત પુરાવાનું મુલ્યાંકન નીચે મુજબ છે.**

**(૨૩) ફરિયાદી/ભોગબનનારના પુરાવા અંગેઃ–**

**(૨૩.૧)** આ કામે ફરિયાદપક્ષે આંક–૨૧ થી ફરિયાદી/ભોગબનનારનો જે પુરાવો રજુ થયેલ છે તે ધ્યાને લેવામાં આવે તો, તેઓએ તેમના સરતપાસના પુરાવામાં બનાવ સંદર્ભે એવું સ્પષ્ટપણે જણાવેલ છે કે, બનાવના અરસામાં તેઓને તેમના પતિ સાથે ઘરકામ બાબતે અવાર નવાર ઝઘડો ચાલતો હતો જેના કારણે તેઓ તેમના મામાને ત્યાં નાવલી મુકામે જતા રહેલા હોવાનું જણાવેલ છે અને આ સિવાય કાંઈ બનેલ નહિ હોવાનું જણાવેલ છે. વધુમાં ફરિયાદીએ તેમની સરતપાસમાં આરોપીએ તેમની સાથે તેમની મરજી વિરુધ્ધ તેઓને હાથે પગે બાંધી દીધેલ હોય કે જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોય કે તેઓની મરજી વિરુધ્ધ શરીર સંબંધ બાંધેલો હોય તેવું બનેલ નહિ હોવાનું જણાવેલ છે.આમ, આ રીતે ફરિયાદીના પુરાવાથી ફરિયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન મળેલ ન હોય તેના કારણે વિ. એપીપીશ્રી દ્વારા ફરિયાદીને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલા છે અને ફરિયાદીને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવ્યા બાદ વિ. એપીપીશ્રી દ્વારા ફરિયાદીનું ધ્યાન ફરિયાદ હકીકત તરફ દોરી સુચક પ્રશ્નો પૂછી વિગતવારની ઉલટતપાસ હાથ ધરવામાં આવેલ છે તેમ છતાં ફરિયાદપક્ષના કેસને કે ફરિયાદ હકીકતને સમર્થન મળી શકે તેવો લેશમાત્ર પુરાવો રજૂ થયેલો નથી.

**(૨૩.૨)** વધુમાં ફરિયાદીએ તેઓની ઉલટતપાસમાં પણ એવી હકીકતનો સ્પષ્ટપણે સ્વીકાર કરેલ છે કે, તેઓના તેમના પતિની સાથે ઝઘડો થતા તેઓ તેમના મામાના ઘરે જતા રહેલા. તેમજ આરોપી તેમને કોઈ જગ્યાએ ભગાડી ગયેલ હોય કે તેઓને ગોંધી રાખેલા હોય તેવી કોઈ હકીકત તેઓએ પોલીસને જણાવેલ નથી.

આમ, આ કામે ફરિયાદી/ભોગબનનારના પુરાવાથી આ કામના આરોપીએ ફરિયાદીને રૂમમાં ગોંધી રાખી અને ફરિયાદીની સાથે તેઓની મરજી વિરુધ્ધ અને બળજબરીથી શારીરીક સંબંધ બાંધેલ હોવાની કે ફરિયાદીને શારીરીક સંબંધ નહિ રાખે તો જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોય તેવી કોઈ હકીકત જણાંઈ આવતી નથી. જેથી ફરિયાદી/ભોગબનનારના પુરાવાથી ફરિયાદપક્ષના

કેસને તથા ફરિયાદમાં જણાવેલ હકીકતોને લેશમાત્ર સમર્થન મળતું નથી. જેથી ફરિયાદીનો પુરાવો ફરિયાદપક્ષના કેસને મદદરૂપ બનતો નથી.

**(૨૪) ફરિયાદપક્ષે તપાસવામાં આવેલ ડોકટર સાહેદના પુરાવા અંગેઃ–**

**(૨૪.૧)** આ કામે ફરિયાદપક્ષે તપાસવામાં આવેલ ગાયનેકોલોજીસ્ટ ડોકટરશ્રી ગાંધીના પુરાવા મુજબ તેમની સમક્ષ ભોગબનનારે જે હીસ્ટ્રી જણાવી તેમાં ફરિયાદીએ જણાવેલ છે કે, " ભોગ બનનારને બાનવ સંબંધે હીસ્ટ્રી પુછતા તેણીના જણાવ્યા મુજબ તે આરોપી અતુલને પાંચ મહીનાથી ઓળખે છે આરોપી ભોગ બનનારના ભાઇનો સાળો છે, તા.૨૭/૮/૨૦૧૮ના રોજ ભોગ બનનાર તેની ભાભીને મળવા સાંકરદા ગઈ અને આરોપીએ ભોગ બનનારને તેની મરજી વિરુધ્ધ કેદ કરીને તેની સાથે તેની મરજી વિરુધ્ધ શરીર સંબંધ રાખ્યો તેના પછી આરોપીએ ભોગ બનનારને તેની મરજી વિરુધ્ધ કેદમા રાખેલ અને વારંવાર શારીરીક સંબંધ રાખેલ છેલ્લે તા.૧૧/૯/૨૦૧૮ના રોજ શારીરીક સંબંધ રાખેલ તા. ૧૨/૯/૨૦૧૮ના રોજ ભોગ બનનાર મોકો જોઇને સાંજે પાછી આવી ગયેલી.તેમજ ભોગ બનનારે વધુમા જણાવેલ કે તે શારીરીક સંબંધ માટે ના પાડશે તો તેના ભાઇને મારી નાખવાની ધમકી આપવામા આવેલી. "

આમ, ફરિયાદી/ભોગબનનારે ગાયનેકોલોજીસ્ટ ડોકટર કે જેમણે ફરિયાદીની ગાયનેક તપાસ કરેલ છે તેમના સમક્ષ બનાવ સંદર્ભેની ફરિયાદીએ જે ઉપરોકત હીસ્ટ્રી આપી તેમાં આરોપીએ તેમની સાથે તેઓની મરજી વિરુધ્ધ શારીરીક સંબંધ રાખેલ હોવાની અને જો શારીરીક સંબંધ બાંધવા માટે ફરિયાદી ના પાડશે તો તેઓના ભાઈને જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોવાનું જણાવેલ છે પરંતુ આવી કોઈ હકીકત હકીકત ફરિયાદીએ તેમના મૌખીક પુરાવામાં જણાવેલ નથી જેથી ફરિયાદીએ તેમના પુરાવામાં જે હકીકતો જણાવી તેનાથી તદ્દન વિરોધાભાસી હકીકતો ગાયનેકોલોજીસ્ટ ડોકટર સમક્ષની હીસ્ટ્રીમાં જણાવી છે. આમ, આ રીતે મેડીકલ એવીડન્સથી પણ ફરિયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન પ્રાપ્ત થતું નથી.

**(૨૫) પંચ સાહેદોના પુરાવા અંગે:-**

**(૨૫.૧)** ફરિયાદપક્ષે તપાસવામાં આવેલા પંચ સાહેદ રાજેન્દ્રસિંહ પ્રભાતસિંહ ગોહીલ કે જેઓ આંક-૧૩ થી રજૂ થયેલ ગુનાવાળી જગ્યાના પંચ સાહેદ છે તેમના પુરાવા મુજબ તેઓએ લખેલ પંચનામામાં સહી કરેલ હોવાનું તેમજ તેમની હાજરીમાં ભોગબનનારે ગુનાવાળી જગ્યા બતાવેલ હોય અને તેમની હાજરીમાં પંચનામું કરવામાં આવેલ હોય તેમ બનેલ નથી તેવું જણાવેલ છે. આમ, સદર પંચ સાહેદના પુરાવાથી આંક-૧૩ થી રજૂ થયેલ ગુનાવાળી જગ્યાના પંચનામાંની હકીકતને લેશમાત્ર સમર્થન પ્રાપ્ત નથી.

**(૨૫.૨)** તે જ રીતે ફરિયાદપક્ષે તપાસવામાં આવેલા પંચ સાહેદ દિનેશભાઈ હરમાનભાઈ પરમાર તથા સિધ્ધાર્થ કુલચંદ સકશેના કે જેઓ આંક-૧૫ થી રજૂ થયેલ ફરિયાદીના કપડા કબ્જે કર્યાના પંચનામાના પંચ સાહેદો છે તેમના પુરાવા મુજબ તેઓએ લખેલ પંચનામામાં સહી કરેલ હોવાનું તેમજ તેમની હાજરીમાં ફરિયાદીના કપજા કબ્જે કરવામાં આવેલ હોય તેમ બનેલ નથી તેવું જણાવેલ છે.આમ, સદર પંચ સાહેદોના પુરાવાથી આંક-૧૫ થી રજૂ થયેલ ફરિયાદીના કપડા કબ્જે કર્યાના પંચનામાંની હકીકતને લેશમાત્ર સમર્થન પ્રાપ્ત નથી.

**(૨૬) પોલીસ તપાસના પુરાવા અંગે :-**

**(૨૬.૧)** સદર ગુનાની તપાસ કરનાર અધિકારીશ્રી વસાવાનો સરતપાસનો પુરાવો જોવામાં આવે તો ફરિયાદીએ ફરિયાદ તેમના સમક્ષ જાહેર કરતા તેઓએ નોંધેલ હોવાનું અને તપાસની કામગીરી પણ તેઓએ કરેલ હોવાનું જણાવેલ છે. સામાન્ય રીતે જે પોલીસ અધિકારી ફરિયાદ નોંધવાની કામગીરી કરે છે તે જ પોલીસ અધિકારી તે ગુનાની તપાસ કરતા નથી તેવી એક પ્રોસીજર ફોલો કરવામાં આવે છે, જયારે હાથ ઉપરના કેસમાં તપાસ અધિકારીએ આવી આવશ્યક પ્રોસીજર ફોલો કરેલ નથી જે હકીકત તપાસ અધિકારીની સમગ્ર તપાસની કામગીરીને શંકાસ્પદ બનાવે છે.

વધુમાં આ કામે પુરાવાની જે ઉપરોકત ચર્ચા કરવામાં આવી તે મુજબ ફરિયાદપક્ષે તપાસવામાં આવેલા મહત્વના સાહેદ એવા ફરિયાદીના પુરાવાથી જયારે

ફરિયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન મળેલુ નથી ત્યારે આવા સમર્થનાત્મક પુરાવાના અભાવે માત્ર અને માત્ર પોલીસ સાહેદ તપાસ કરનાર અમલદારના પુરાવા ઉપર આધાર રાખી આરોપીને સદર ગુનાના કામે તકસીરવાન ઠરાવવા યોગ્ય, વ્યાજબી અને ન્યાયોચિત જણાંઈ આવતુ નથી.

**(૨૭)** આમ, ઉપર કરવામાં આવેલ સમગ્ર ચર્ચા અનુસાર આ કામના ફરિયાદી નાઓ તા. ૨૭–૦૮–૨૦૧૮ ના રોજ તેમના ભાઈની પત્ની સોનલને બોલાવવા માટે સાંકરદા ગામ, ઈન્દીરાનગર ખાતે આરોપીના ઘરે આવેલ તેની જાણ થતાં ફરિયાદ કયાંક જતા રહેલા તેથી તે દિવસે રાતના ફરિયાદીએ આરોપીના ઘરે રોકાણ કરેલ અને રાત્રીના સમયે આરોપીએ પાણી આપો તેમ જણાવી અને ફરિયાદીને તેમના રૂમમાં બળજબરીથી પકડી રાખી તેણીની મરજી વિરુધ્ધ તેઓની સાથે સંભોગ કરેલો અને આરોપીએ ફરિયાદીના બંને હાથે તથા પગે પકડી સાડી વડે બાંધી દઈ બળજબરીથી તા. ૨૭–૦૮–૨૦૧૮ થી તા. ૧૨–૦૯–૨૦૧૮ સુધી રૂમમાં પુરી રાખેલ અને ધમકી આપેલ કે " તુ બુમો પાડીશ તો તને જાનથી મારી નાંખીશ તેવી ધમકી આપેલી." અને આ રીતે આરોપીએ ફરિયાદીને દરરોજ રાત્રીના સમયે તેઓની મરજી વગર વીસથી પચ્ચીસ વખત બળજબરીથી સંભોગ કરી, ઇન્ડીયન પીનલ કોડની કલમ– ૩૭૬(૨)(એન), ૩૪૨, ૩૪૪, ૫૦૬(૨) મુજબના ગુન્હાના આવશ્યક તત્વો સાબીત કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે જેથી મુદ્દા નં. ૧ નો જવાબ **નકારમાં** આપી મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## **: : હુ ક મ : :**

(૧) આ કામનાં આરોપી **અતુલભાઈ કાળુભાઈ ચુનારા,** રહે. ઈન્દીરાનગર, સાકરદાગામ, તા.જી. વડોદરા નાઓને નંદેસરી પોલીસ સ્ટેશનમાં ફર્સ્ટ ગુ.ર.નં. ૪૯/૨૦૧૮ થી ઇન્ડીયન પીનલ કોડની કલમ– ૩૭૬(૨)

(એન), ૩૪૨, ૩૪૪, ૫૦૬(૨) મુજબનાં શિક્ષાપાત્ર ગુનામાંથી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૧) અન્વયે પુરાવાનાં અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે કબ્જે કરેલ બીનકિંમતી મુદ્દામાલ અપીલ સમય વિત્યેથી નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) સી.આર.પી.સી.ની કલમ–૪૩૭(એ) મુજબ અપીલ અદાલત સમક્ષ હાજર રહેવા માટે આરોપીએ રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપીયા દસ હજાર પુરા) ના જાત મુચરકા તથા સધ્ધર જામીન રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આજ રોજ તારીખ– ૦૬ઠ્ઠી, માહે–માર્ચ, સને– ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

| | |
|---|---|
| તા.૦૬/૦૩/૨૦૨૫<br>સ્થળ : વડોદરા | **(એમ.એમ.સૈયદ)**<br>**પાંચમાં અધિક સેશન્સ જજ,**<br>**ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, વડોદરા.**<br>**(કોડ નં. જી.જે૦૦૬૧૮)** |

V J Unadkat

**(એમ.એમ.સૈયદ)**
પાંચમાં એડી.સેસન્સ, જજ,
વડોદરા.